# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 05-Dec-2024 બપોરે : 1.20થી 1.30

વાર : ગુરૂવાર

આકાશવાણી સમાચાર ચૈતાલી જોશી વાંચે છે.

---

1) ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા દેવેન્દ્ર ફડણવીસ આજે મહારાષ્ટ્રના મુખ્યમંત્રીપદે ત્રીજીવાર શપથ લેશે
2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કૃષિ વૈજ્ઞાનિકોને કુદરતી આપત્તિઓ, જળવાયુ પરિવર્તન જેવા પડકારોથી ખેડૂતોનું રક્ષણ કરવા નવી યોજનાઓ ઘડવા આહવાન કર્યું
3) ભુતાનના રાજા જિગ્મે ખેસર વાંગચુક અને મહારાણી બે દિવસની ભારત મુલાકાતે આવ્યા
4) દિલ્હી વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ મનમોહને સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ તરીકે શપથ લીધા
5) ફ્રાન્સના પ્રધાનમંત્રી મિશેલ બાર્નિયરની સરકારે, નેશનલ એસેમ્બલીમાં વિશ્વાસ મત ગુમાવતા સરકારનું પતન

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

***MAHA - SWEARING-IN***

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા દેવેન્દ્ર ફડણવીસ આજે ત્રીજી વખત મહારાષ્ટ્રના મુખ્યમંત્રી તરીકે શપથ લેશે. રાજ્યપાલ સીપી રાધાકૃષ્ણન આજે સાંજે સાડા પાંચ વાગ્યે  મુંબઈના ઐતિહાસિક આઝાદ મેદાનમાં તેમને પદ અને ગોપનીયતાના શપથ લેવડાવશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, NDA શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ અને અનેક કેન્દ્રીય મંત્રીઓ શપથ ગ્રહણ સમારોહમાં ઉપસ્થિત રહેશે.

અમારા મુંબઇના પ્રતિનિધી જણાવે છે કે આ સાથે ઘણા આધ્યાત્મિક નેતાઓ, દ્રષ્ટાઓ, કલાકારો અને લેખકો સહિત અન્ય લોકોને પણ આમંત્રણ આપવામાં આવ્યા છે.  મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહેવાની શક્યતા હોવાથી  શપથ ગ્રહણ સમારોહ માટે વિસ્તૃત વ્યવસ્થા કરવામાં આવી છે.

ત્રણ દિવસનું મહારાષ્ટ્ર વિધાનસભાનું સત્ર 7 ડિસેમ્બરથી શરૂ થશે. આ દરમિયાન, નવા ચૂંટાયેલા સભ્યો શપથગ્રહણ કરશે. પ્રથમ દિવસે રાજ્યપાલ સી.પી રાધાક્રિશ્નન સંયક્ત સત્રને સંબોધશે અને વિધાનસભાના અધ્યક્ષની ચૂંટણી થશે. આ જ દિવસે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસની આગેવાની હેઠળની મહાયુતિ સરકાર ગૃહમાં બહુમતી પુરવાર કરશે.

ઉલ્લેખનીય છે કે મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં ભાજપના શ્રેષ્ઠ દેખાવનો શ્રેય શ્રી ફડણવીસને આપવામાં આવ્યો છે. રાજ્યમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં ભાજપે 132 બેઠકો પર જીત મેળવી છે.

## *PRESIDENT-ODISHA*

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કૃષિ વૈજ્ઞાનિકોને કુદરતી આપત્તિઓ, જળવાયુ પરિવર્તન અને કુદરતી સંસાધનો જેવા પડકારોથી ખેડૂતોનું રક્ષણ કરવા નવી યોજનાઓ ઘડવા આહવાન કર્યું છે.

તેમણે જણાવ્યું કે, કૃષિ અને કૃષિ વૈજ્ઞાનિકોનાં સશક્તિકરણ માટે લેટેસ્ટ ડ્રોન ટેકનોલોજી, રિમોટ સેન્સિંગ, કૃત્રિમ બુધ્ધિમત્તા અને નેનો ટેકનોલોજીનો ઉપયોગ કરવો જોઇએ.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ભુવનેશ્વરમાં ઓડિશા કૃષિ એન્ડ ટેક્નોલોજી યુનિવર્સિટીના 40મા દીક્ષાંત સમારોહમાં બોલી રહ્યા હતા.

સુશ્રી મુર્મુ આજે બપોરે ભુવનેશ્વર ખાતે અત્યાધુનિક સુવિધાઓ સાથેની એક અદાલતની ઇમારતનું ઉદ્ઘાટન કરશે. રાષ્ટ્રપતિ આવતીકાલે મયુરભંજની મુલાકાત લેશે અને તેમના જન્મસ્થળ ઉપરબેડા ગામના રહેવાસીઓ સાથે વાતચીત કરશે. સુશ્રી મૂર્મુ  રાયરંગપુરની મહિલા મહાવિદ્યાલયમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથે પણ વાતચીત કરશે.

## *OPPOSITION-PROTEST*

વિપક્ષના સાંસદોએ આજે એક અગ્રણી વેપારી જૂથ સામે કથિત લાંચના આરોપોના મુદ્દે સંસદ ભવનમાં વિરોધ કરતાં રેલી કાઢી હતી. લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી કોંગ્રેસના અન્ય સાંસદો તેમજ ડીએમકે, આરજેડી અને અન્ય નેતાઓ સાથે વિરોધમાં જોડાયા હતા. સૂત્રોચ્ચાર કરતી વખતે તેઓ આ મામલે JPC તપાસની માંગ કરી રહ્યા હતા.

આ દરમિયાન કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહે સંસદ ભવનમાં વિરોધ પ્રદર્શન માટે વિપક્ષ પર પ્રહારો કર્યા છે.

## *RAJYA SABHA - ADJOURNED*

ભારતીય જનતા  પાર્ટી ના સાંસદ સુધાંશુ ત્રિવેદીએ વિદેશની ધરતી પર થી રાષ્ટ્રીય હિત વિરુદ્ધ શંકાસ્પદ પ્રવૃતિનો મુદ્દો ઉઠાવ્યા બાદ હંગામાને પગલે રાજ્યસભા બપોરે 12 વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી હતી . શૂન્યકાળ દરમિયાન તેમણે આ

મુદ્દો ઉઠાવતા અધ્યક્ષ જગદીપ ધનખડે કહ્યું કે આ ગંભીર બાબત છે અને તેમને નિર્ધારિત સમય કરતાં વધુ બોલવાની મંજૂરી આપી. વિરોધ પક્ષના સભ્યોએ આ નિર્ણય સામે વાંધો ઉઠાવ્યો હતો. રાજ્યસભાના અધ્યક્ષે વિપક્ષી સભ્યોને આશ્વાસન આપ્યું હતું કે તેમને પણ આ મુદ્દે બોલવા દેવામાં આવશે. ભારે ઘોંઘાટને પગલે અધ્યક્ષે ગૃહને બપોરે 12 વાગ્યા સુધી સ્થગિત કરી દીધું હતું.બાદમાં ૧૨ વાગ્યે રાજ્યસભા ની કાર્યવાહી પુનઃ શરૂ થઈ હતી.

## *BHUTAN KING-VISIT*

ભૂટાનના રાજા જિગ્મે ખેસર નામગ્યાલ વાંગચુક તેમની પત્ની રાણી જેત્સુન પેમા વાંગચુક સાથે આજે ભારતની બે દિવસની મુલાકાતે આવ્યા છે.

તેઓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, વિદેશ મંત્રી ડૉ. જયશંકર અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ સાથે મુલાકાત કરશે. ભારત અને ભૂટાન વચ્ચે પરસ્પર મિત્રતા અને સહકારના અનન્ય સંબંધો છે જેની વિશેષતા એકબીજાની સમજણ અને વિશ્વાસ છે. શ્રી વાંગચુકની મુલાકાત બંને દેશોને દ્વિપક્ષીય સહયોગની સમીક્ષા કરવાની અને ભાગીદારીને આગળ વધારવાની તક પૂરી પાડશે.

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

## *JUSTICE MANMOHAN*

સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ તરીકે આજે ન્યાયમૂર્તિ મનમોહને શપથ લીધા છે. મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્નાએ ન્યાયાધીશ મનમોહનને સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશના શપથ લેવડાવ્યા હતા.

કેન્દ્ર સરકારે સર્વોચ્ચ અદાલત કોલેજિયમની ભલામણ પર ન્યાયધીશ મનમોહનની નિમણૂકને મંજૂરી આપી હતી.ગયા અઠવાડિયે, સર્વોચ્ચ અદાલત કોલેજિયમે સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ તરીકે બઢતી માટે દિલ્લી વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશ મનમોહનના નામની ભલામણ કરી હતી. શ્રી મનમોહનને માર્ચ 2008માં દિલ્હી વડી અદાલતના ન્યાયાધીશ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. અને 29 સપ્ટેમ્બરથી તેઓ મુખ્ય ન્યાયાધીશ તરીકે કાર્ય કરી રહ્યા છે.તેઓ  વડી અદાલતના ન્યાયાધીશોની સંયુક્ત અખિલ ભારતીય વરિષ્ઠતામાં બીજા નંબરે છે.

## *FRANCE GOVT DEFEATED*

ફ્રાન્સના પ્રધાનમંત્રી મિશેલ બાર્નિયરની સરકારે, નેશનલ એસેમ્બલીમાં વિશ્વાસ મત ગુમાવતા દેશમાં રાજકીય સંકટ વધુ ઘેરું બન્યું છે. છ દાયકાના ઈતિહાસમાં આવું પ્રથમવાર બન્યું છે.

સાંસદોએ પ્રધાનમંત્રી મિશેલ બાર્નિયર અને તેમની કેબિનેટ સામે અવિશ્વાસનો મત પસાર કર્યો હતો.

નેશનલ એસેમ્બલીના નીચલા ગૃહના 577 માંથી 331 સભ્યોએ બાર્નિયરની મધ્યમમાર્ગી લઘુમતી સરકારને હટાવવા માટે મત આપતા બાર્નિયર ટૂંક સમયમાં રાજીનામું આપે તેવી અપેક્ષા છે.

અમેરિકન અખબાર ન્યૂયોર્ક ટાઈમ્સે જણાવ્યું છે કે, આ ઘટનાક્રમને કારણે ફ્રાન્સમાં રાજકીય ઉથલપાથલ થઈ છે.

## *ZAKAT, TAX AND CUSTOMS AUTHORITY (ZATCA)*

સાઉદી અરેબિયાની રાજધાની રિયાધમાં જકાત, ટેક્સ અને કસ્ટમ્સ ઓથોરિટી પરિસદ માં કેન્દ્રીય નાણા રાજ્ય મંત્રી એમપી ચૌધરી ભારતના ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરી રહ્યા છે. આ બે દિવસીય પરિસદ ની વિષય વસ્તુ સસ્ટેનેબલ ઇકોસિસ્ટમ્સ માટે શેપિંગ ટુમોરો છે

પરિસદ દરમિયાન, શ્રી ચૌધરીએ ભારત અને સાઉદી અરેબિયા વચ્ચે આર્થિક અને ટેક્સ સહયોગના ક્ષેત્રમાં ભાગીદારી વધારવા માટે સાઉદી અરેબિયાના નાણામંત્રી મોહમ્મદ અલ-જાદાન સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરી હતી. શ્રી ચૌધરીએ વૈશ્વિક પડકારો વચ્ચે આર્થિક પુનઃપ્રાપ્તિ અને વૃદ્ધિ પર આંતર-મંત્રાલય ચર્ચામાં પણ ભાગ લીધો હતો અને ભારતની નીતિ નવીનતાઓ અને વિકાસ વ્યૂહરચનાઓ પર પ્રકાશ પાડ્યો હતો.

## *SRILANKA FISHERMAN ARREST*

શ્રીલંકાના નૌકાદળે આજે તામિલનાડુના રામેશ્વરમથી 14 માછીમારોની ધરપકડ કરી છે. માછીમારો કાચાથીવુ નજીક માછીમારી કરી રહ્યા હતા ત્યારે તેમની ધરપકડ કરાઈ હતી. નૌકદળે માછીમારોની બે બોટ પણ જપ્ત કરી છે.

માછીમારોને આંતરરાષ્ટ્રીય દરિયાઈ સરહદ ઓળંગવા અને શ્રીલંકાની જળસીમામાં માછીમારી કરવા બદલ વહેલી સવારે પકડવામાં આવ્યા હતા.

આ ઘટનાના સાક્ષી કેટલાંક માછીમારોએ જણાવ્યું હતું કે, શ્રીલંકાના નૌકાદળે તેમના પર ગંભીર હુમલો કર્યો કરીને તેમની માછીમારીની જાળ અને GPS સાધનોને નુકસાન પહોંચાડ્યું.

## *PB CEO MEET*

પ્રસાર ભારતીના મુખ્ય કાર્યકારી અધિકારી ગૌરવ દ્વિવેદીએ ગઈકાલે પ્રયાગરાજમાં આકાશવાણીના ડાયરેક્ટર જનરલ પ્રજ્ઞા પાલીવાલ, દૂરદર્શનના ડાયરેક્ટર જનરલ કંચન પ્રસાદ અને દૂરદર્શન સમાચારના ડિરેક્ટર જનરલ પ્રિયા કુમાર સાથે બેઠક યોજી હતી. શ્રી દ્વિવેદીએ વિશ્વભરમાં મહા કુંભના પ્રસારણ સંબંધિત મુદ્દાઓ અને જવાબદાર અધિકારીઓ સાથે ચર્ચા કરી. આ બેઠકમાં મહાકુંભ માટે યોજાઈ રહેલા વિવિધ કાર્યક્રમો અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. પ્રસાર ભારતીના મુખ્ય કાર્યકારી અધિકારી અને અન્ય તમામ અધિકારીઓ આજે મેળા વિસ્તારની મુલાકાત લેશે.

## *DELHI METRO*

મેટ્રોના સિગ્નલિંગ કેબલની ચોરી અને નુકસાનને કારણે દિલ્હી મેટ્રોની બ્લુ લાઇન પર ટ્રેન સેવાઓ આજે પ્રતિબંધિત ગતિએ ચાલી રહી છે. , DMRCએ જણાવ્યું હતું કે દ્વારકા સેક્ટર 21 થી નોઇડા ઇલેક્ટ્રોનિક સિટી અને વૈશાલી સુધીની મેટ્રો લાઇનને મોતી નગર અને કીર્તિ નગર મેટ્રો સ્ટેશનો વચ્ચેના કેબલને કથિત રીતે નુકસાન થયા બાદ અસર થઈ હતી.

## *WOMEN CRICKET- AUS IND*

મહિલા ક્રિકેટમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ત્રણ મેચની શ્રેણીની પ્રથમ વનડે બ્રિસ્બેન માં રમાઈ રહી છે. ભારતીય ટીમ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરી રહી હતી. છેલ્લા અહેવાલ પ્રમાણે ભારત 100 રન બનાવીને ઓલઆઉટ થઇ ગયું છે. ભારતની હરલીન દેઓલે 19 રન બનાવ્યા અને હાલ ઓસ્ટ્રેલિયા 4 ઓવરમાં 0 વિકેટે 18 રન બનાવ્યા છે.

## *GOVT---SOLAR-ROOFTOP*

નવીન અને નવીનીકરણીય ઉર્જા મંત્રાલયે જણાવ્યું છે કે પીએમ સૂર્ય ઘર - મફત વીજળી યોજનાની શરૂઆતના નવ મહિનામાં 6.3 લાખ સોલર રૂફટોપ ઇન્સ્ટોલ કરવામાં આવ્યા છે. જે માર્ચ 2025 સુધીમાં 10 લાખ સુધી પહોંચી જવાની શક્યતા છે. મંત્રાલયે એક યાદીમાં જણાવાયું છે કે, સરકારે માર્ચ 2027 સુધીમાં એક કરોડ સોલાર રૂફટોપ ઇન્સ્ટોલ કરવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે. જેમાં ગુજરાત, મહારાષ્ટ્ર, કેરળ અને ઉત્તર પ્રદેશ જેવા રાજ્યોએ અસાધારણ પ્રગતિ નોંધાવી રહ્યા છે. આ યોજનામાં વિવિધ પ્રક્રિયાઓને સરળ બનાવાઈ છે.